

દિલ્હી લીકર પોલીસી કાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવતા નવી દિલ્હીમાં મુખ્યમંત્રી પદેથી કેજરીવાલના રાજીનામાની માંગ સાથે ભાજપના કાર્યકરો પ્લેકાર્ડસ દર્શાવી દેખાવો કરી રહ્યા છે.

### દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીની વિદાય થઈ ચૂકી

# ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો

નવીદિલ્લી,તા.૨૬

દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીની વિદાય થઈ ચૂકી છે. ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આ સાથે જ મૌસમી વાયરાની દિશા ઝડપથી બદલાવવાની શરૂ થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) પ્રકૃતિના આ બદલાતા તેવરને જોતા દેશના અનેક ભાગોમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જાણો ગુજરાતની શું છે પરિસ્થિતિ...

દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીની વિદાય થઈ ચૂકી છે. ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આ સાથે જ મૌસમી વાયરાની દિશા ઝડપથી બદલાવવાની શરૂ થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) પ્રકૃતિના આ બદલાતા તેવરને જોતા દેશના અનેક ભાગોમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. ખાસ કરીને પૂર્વોત્તર અને પૂર્વ ભારતમાં તોફાન સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ અગાઉ

**આ દરમિયાન આંધી તોફાનના પણ એંધાણ છે બીજી બાજુ દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં ૨૬ માર્ચના રોજ વાદળ છવાયેલા રહેવાનું અનુમાન છે**

મધ્ય ભારતના અનેક ભાગોમાં વરસાદ નોંધાયો. આ દરમિયાન આંધી તોફાનના પણ એંધાણ છે. બીજી બાજુ દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં ૨૬ માર્ચના રોજ વાદળ છવાયેલા રહેવાનું અનુમાન છે.

IMD એ હવામાન અંગે જે લેટેસ્ટ આગાહી કરી છે તે મુજબ ૨૬ માર્ચના રોજ પૂર્વ અને પૂર્વોત્તર રાજયોના અનેક ભાગોમાં આંધી તોફાન જોવા મળી શકે છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળ સંલગ્ન ગંગાના મેદાની વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. જ્યારે તોફાન સાથે જ કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદનું પૂર્વાનુમાન છે. છેલ્લા કેટલાક દિવસોથી ગંગાના તટીય મેદાનોમાં હવામાનનો મિજાજ ભારે જોવા મળી રહ્યો છે. સતત બદલાતી મૌસમી દશાઓના પગલે વરસાદ સાથે તોફાન અને કરાનો દોર ચાલુ છે. જેનાથી જનજીવન અસ્તવ્યક્ત બન્યું છે.

IMD એ જે લેટેસ્ટ અપડેટ બહાર પાડ્યું છે તે મુજબ પૂર્વોત્તર ભારત,ઉપ હિમાલયી પશ્ચિમ બંગાળનો વિસ્તાર અને સિક્કિમમાં ૨૬ માર્ચના રોજ તોફાન સાથે વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં હવામાન સતત પલટાઈ રહ્યું છે. ક્યારેક ખુબ તાપ તો ક્યારેક પૂરપાટ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. ઠંડીની વિદાય સાથે જ આ પ્રકારની મૌસમી ગતિવિધિઓ વધી રહી છે. આવનારા દિવસોમાં પણ હવામાનમાં આવા પલટા જોવા મળી શકે છે. બીજી બાજુ વિદર્ભ અને છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. ઓડિશાના ઉત્તરી ભાગોની સાથે પૂર્વ ઝારખંડ, પશ્ચિમ બંગાળ,સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં પણ પૂરપાટ પવન સાથે વરસાદ પડ્યો છે.

## ચંદ્રયાન-૩ની લેન્ડીંગ સાઈટ 'શિવશક્તિ'ના નામને મળી ઈન્ટરનેશનલ મંજુરી

નવી દિલ્હી તા.૨૬

જયારે ભારતના ચંદ્રયાન-૩ એ ચંદ્ર પર સફળતાપુર્વક લેન્ડીંગ કર્યુ ત્યારે વડાપ્રધાન મોદીએ ૨૬ ઓગષ્ટ ૨૦૨૩ના ચંદ્રયાન-૩ના લેન્ડીંગ સાઈટને 'શિવ-શક્તિ' નામ આપ્યાની જાહેરાત કરી હતી. આ જાહેરાતના ૭ મહિના બાદ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમીકલ યુનિયન (આઈએયુ) એ ૧૯ માર્ચે આ નામને મંજુરી આપી હતી.

ગેઝેટીયર ઓફ પ્લેનેટરી નોમેનકલેચર અનુસાર, આઈએયુ વર્કીંગ ગ્રુપ ફોર પ્લેનટરી સિસ્ટમ નોમેનકલેચરે ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના લેન્ડીંગ સ્થળ માટે 'શિવશક્તિ' નામને મંજુરી આપી દીધી છે. આ નામની જાહેરાત વખતે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે શિવમાં માનવતાના કલ્યાણનો સંકલ્પ છે અને શક્તિ આપણને એ સંકલ્પ પુરા કરવાની તાકાત આપે છે.

## જેનિફર મિસ્ત્રીએ જાતીય સતામણીનો કેસ જીત્યો, અસિત મોદી ૫ લાખનું વળતર ચૂકવશે

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ અભિનેત્રી જેનિફર મિસ્ત્રીએ અસિત કુમાર મોદી સામે જાતીય સતામણીનો કેસ જીતી લીધો છે. અભિનેત્રીએ મંગળવારે તેની પુષ્ટિ કરી હતી





અને જાહેર કર્યું હતું કે કોર્ટનો ચુકાદો ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ આવ્યો હતો. મોદીને હવે મિસ્ત્રીના બાકી લેણાંને સાફ કરવા માટે કહેવામાં આવ્યું છે. કોર્ટે પ્રોડ્યુસરને જેનિફરને વળતર તરીકે ૫ લાખ રૂપિયા ચૂકવવા પણ કહ્યું છે.

"અસિત કુમાર મોદીને મને મારી બાકી રકમ અને કુલ રૂ. ૨૫-૩૦ લાખની રકમ જાણીજોઈને અટકાવવા બદલ વધારાનું વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. પજવણી બદલ મોદી પર વધારાના રૂ. ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ચુકાદો આવ્યો હતો, પરંતુ મને તેને મીડિયામાં શેર ન કરવાનું

**તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં મિસિસ રોશનની ભૂમિકા ભજવનાર કહે છે-ચુકાદાથી સંતોષ નથી**

કહેવામાં આવ્યું હતું," જેનિફર મિસ્ત્રીએ જણાવ્યું હતું.

આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે મારો કેસ બનાવટી ન હતો, અને હું સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માંગતી ન હતી. જ્યારે મને ખુશી છે કે મારી પજવણીને માન્યતા મળી છે, મને નથી લાગતું કે મને હજુ સુધી યોગ્ય ન્યાય મળ્યો છે," જેનિફરે ઉમેર્યું.

જેનિફર મિસ્ત્રી આ સિરિયલમા શ્રીમતી રોશન સોઢીની ભૂમિકા ભજવતી હતી. જો કે, તેણીએ ૨૦૨૩ માં શો છોડી દીધો અને પાછળથી અસિત કુમાર મોદી, શોના પ્રોજેક્ટ હેડ સોહેલ રામાણી અને એક્ઝિક્યુટિવ નિર્માતા જતીન બજાજ વિરુદ્ધ કાર્યસ્થળ પર કથિત જાતીય સતામણી માટે ફરિયાદ નોંધાવી. ત્રણેય પર ભારતીય દંડ સંહિતા (ઝ)ની કલમ ૩૫૪ અને ૫૦૯ (એક મહિલા પર હુમલો અથવા તેની નમ્રતાનો ત્યાગ કરવાના ઈરાદાથી ફોજદારી બળ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### શરાબનીતિ કૌભાંડમાં જેલવાસ ભોગવતા કેજરીવાલ પર પન્નુનો ખુલાસો

# કેજરીવાલે ખાલીસ્તાની જુથો પાસેથી ૧૩૪ કરોડનું ફંડ મેળવ્યું

નવી દિલ્હી તા.૨૬

શરાબનીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહીતના આમ આદમી પાર્ટીનાં અનેક નેતાઓની ધરપકડ થઈ જ છે અને તેનો રાજકીય વિવાદ ચાલી રહ્યો છે.ત્યારે લોકસભાની ચૂંટણીમાં આપ માટે નવુ સંકટ સર્જાવાના એંધાણ હોય તેમ ખાલીસ્તાની નેતા પન્નુએ પાર્ટીને ૧૩૪ કરોડ આપ્યા હોવાનો સનસનીખેજ ખુલાસો કર્યો છે.





ખાલીસ્તાની નેતા ગુરપતવંત પન્નુએ સોશ્યલ મિડિયામાં વિડીયો જાહેર કર્યો છે તેમાં વિવિધ ખાલીસ્તાની જુથોએ ૨૦૧૪ થી ૨૦૨૨ દરમ્યાન આમ આદમી પાર્ટીને ૧૬ મીલીયન ડોલર (અંદાજીત ૧૩૩.૫૪) કરોડ રૂપિયાનુ ફંડ આપ્યુ હોવાનું દાવો કર્યો છે. એટલુ જ નહિં રાજકીય ફંડના બદલામાં દેવીંદરપાલસિંહને સુરક્ષીત છોડી મુકવાની અરવિંદ કેજરીવાલે ઓફર કરી હોવાનો પણ ખુલાસો કર્યો છે. દેવીંદરપાલસિંઘ ભુલ્લર ૧૯૯૩ ના દિલ્હી બોંબ ધડાકા કેસમાં સામેલ હતો. આ ઘટનામાં ૯ લોકોનાં મોત થયા હતા અને ૩૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

અમેરિકા તથા કેનેડાની બેવડી નાગરિકતા ધરાવતાં મૂળ ભારતીય પન્નુ ખાલીસ્તાની નેતા છે અને શીખ ફોર જસ્ટીસ સંગઠનના વડા છે.

સોશ્યલ મીડીયામાં રીલીઝ કરેલા વીડીયોમાં તેમણે એવો દાવો કર્યો હતો કે ૨૦૧૪ માં ન્યુયોર્કનાં ગુરૂદ્વારામાં અરવિંદ કેજરીવાલ તથા ખાલીસ્તાની શીખ નેતાઓ વચ્ચે બેઠક થઇ હતી અને તેમાં કેજરીવાલે દેવીંદરચાલસિંઘને મુકત કરવાનુ વચન આપ્યું હતું.

પન્નુએ જોકે અગાઉ પણ કેજરીવાલ તતા તેમની પાર્ટી આપ સામે ખાલીસ્તાની ગ્રુપ તરફથી ફંડ આપવાનો આરોપ મુકયો હતો. ગત જાન્યુઆરીમાં પણ પન્નુએ કહ્યું હતું કે કેજરીવાલ તથા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને અમેરીકા તથા કેનેડાનાં ખાલીસ્તાની સમર્થકો પાસેથી ૬ મીલીયન ડોલરનું દાન મેળવ્યુ હતું. પન્નુએ અગાઉ કેજરીવાલ તથા માનને એવી ધમકી પણ આપી હતી કે ફેબ્રૂઆરી સુધીમાં ખાલીસ્તાની નેતાઓને મુકત કરવામાં નહી આવે તો ગંભીર પરીણામો આવશે. પંજાબ પોલીસે જગદીશસિંઘ, મનજીતસિંઘ, તથા દેવીંદરસિંઘની ધરપકડ કર્યા બાદ પન્નુએ આ ધમકી આપી હતી.અરવિંદ કેજરીવાલની શરાબ નીતી કૌભાંડમાં ઈડીએ ગત સપ્તાહે જ ધરપકડ કરી હતી અને હાલ તેઓ, ૨૮ મી સુધી ઈડીની કસ્ટડીમાં છે.શરાબ નીતિમાં કરોડોનો ભ્રષ્ટાચાર થયાનો આરોપ મુકવામાં આવ્યો છે.કેજરીવાલની ધરપકડને પગલે પાર્ટી દ્વારા ત્રણેક દિવસથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે. ઈડીએ એવો દાવો કર્યો હતો કે કૌભાંડના પુરાવાનો નાશ કરવા માટે ૧૭૦ ફોન નષ્ટ કરવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટી દ્વારા રાજકીય ઈશારે સમગ્ર કાર્યવાહી થયાનો આરોપ મુકવામાં આવ્યો છે લોકસભાની ચૂંટણીમાં કેજરીવાલને પ્રચારથી દુર રાખવાનો આરોપ છે.

### ખાલીસ્તાની નેતા પન્નુનો વીડીયો જાહેરઃ ૨૦૧૪ થી ૨૦૨૨ દરમ્યાન ખાલીસ્તાન તરફી જુથો પાસેથી ભંડોળ મેળવ્યુંઃ બોંબ ધડાકાનાં આરોપીને મુકત કરવાનું વચન આપ્યાનો પણ દાવો

## બીજેપીએ પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી

પંજાબ તા.૨૬

લોકસભા ચૂંટણી પહેલા પંજાબથી સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ભારતીય જનતા પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણીમાં પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધનની કોઈ વાત થઈ નથી. પંજાબ BJP અધ્યક્ષ સુનીલ જાખરે વીડિયો સંદેશ દ્વારા આ અંગેની માહિતી આપી હતી. જાખરે કહ્યું કે, રાજ્યમાં લોકો અને પાર્ટી કાર્યકર્તાઓના અભિપ્રાયના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પંજાબની ૧૩ લોકસભા સીટો માટે ૧ જૂને મતદાન થશે.

સૂત્રોનું માનીએ તો ભાજપ અને અકાલી દળ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને મતભેદો હતા જેના કારણે બંને પક્ષો વચ્ચે ગઠબંધન પર વાતચીત થઈ શકી ન હતી. અકાલી દળે ૯ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને બાકીની ચાર બેઠકો ભાજપને આપવાની ઓફર કરી હતી. જોકે ભાજપે PM મોદીની વ્યાપક લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરતા મોટો હિસ્સો માંગ્યો હતો.

SAD એ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ના ભાગ રૂપે ભાજપ સાથે પંજાબમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી. પરંતુ બંને પક્ષો વધુ નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત કરી શક્યા ન હતા. કોંગ્રેસે ૧૩માંથી ૮ બેઠકો જીતી હતી. ગુરુદાસપુર અને હોશિયારપુર સીટ ભાજપને ગઈ. અકાલી દળે ફિરોઝપુર અને ભટિંડા બેઠકો જીતી હતી. સંગરુર બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી હતી.

કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં શિરોમણી અકાલી દળે સપ્ટેમ્બર ૨૦૨૦ માં ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. ખેડૂતોના વ્યાપક વિરોધ બાદ મોદી સરકારે ત્રણેય કાયદા પાછા ખેંચી લીધા હતા. સુનીલ જાખરે કહ્યું કે, પંજાબના યુવાનો, ખેડૂતો, વેપારીઓ, મજૂરો અને દરેકના ભવિષ્ય માટે ભાજપે રાજ્યમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં પંજાબમાં જે કામ થયું છે તે અન્ય કોઈએ કર્યું નથી.

## કેજરીવાલની ધરપકડના વિરોધમાં આપ પાર્ટી PM મોદીના નિવાસ્થાનનો ઘેરાવો કરશે

દિલ્હી,તા.૨૬

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ગીરફતારી સામે તમારી વિરોધ દષ્ટિ માટે સાંજના આવાસનો ઘેરાવ કરશે. આપ નેતાઓના વિરોધને લઈને દિલ્હી ટ્રાફિક પર અસર થશે. દિલ્હીમાં ખાસ કાયદો અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને મંગળવારે એટલે કે ૨૬મી માર્ચે દિલ્હીના ટ્રાફિકને લઈને એડવાઈઝરી જારી કરવામાં આવી છે. દિલ્હી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક એડવાઈજરી જારી કરવામાં આવી છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે મંગળવારને તુગલક રોડ, સફદરજંગ રોડ અને મહત્તમ અતાતુર્ક માર્ગ પર કોઈપણ વાહનને કોઈપણ સ્થાન પર ઉભા રાખવાની મંજૂરી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આપ નેતાઓના આ વિરોધ પ્રદર્શનને મંજૂરી આપવામાં આવી નથી. છતાં આપ પક્ષના નેતાઓ દ્વારા કરાતા વિરોધ પ્રદર્શનને પગલે કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશન પર એન્ટ્રી અને એકઝીટ બંધ કરવામાં આવ્યા છે. તેમજ પટેલ ચોક મેટ્રો સ્ટેશનના ગેટ નંબર ૩ અને કેન્દ્રીય સચિવાલયના ગેટ નંબર ૫ પણ બંધ કરવામાં આવ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં ૨ નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને ઘેરાવો કરવા આમ આદમી પાર્ટીના એલાનને પગલે પોલીસે ૭, લોક કલ્યાણ માર્ગ પર કડક સુરક્ષા ગોઠવી હતી. એક અધિકારી મંગળવાર માટે આ માહિતી ડી. સાત, લોક કલ્યાણ માર્ગ પીએમ માટે આવાસ છે. પોલીસ નેટલી રાષ્ટ્રીય અનેક અન્ય ઈલાકોમાં પણ સુરક્ષા કડી છે.

ટ્રાફિક એડવાઈજરી મુજબ નવી દિલ્હી મંગળવાર માટે વિશેષ કાયદા-વ્યવસ્થાના ટ્રાફિક પ્રભાવિત થશે.


**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ સુરેખાબેન દિનેશલાલ પટેલ હતુ તે બદલીને નવું નામ સુરેખાબેન દિનેશભાઈ પટેલ રાખેલ છે. એ-૮૦૧, શ્રીરંગ હાઈટ્સ, ભાઈજીપુરા પાટિયા, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ શર્મા પ્રિયંસી શ્યામસુંદર હતુ તે બદલીને નવું નામ શર્મા પ્રિયાંશી શ્યામસુંદર રાખેલ છે. એ-૫, સંકલ્પ એપાર્ટમેન્ટ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

**નામ બદલેલ છે**

માંરૂ જૂનુ નામ ભાવિકકુમાર રાજેન્દ્રભાઈ પટેલ થી બદલીને નવું નામ ભાવિક રાજેન્દ્રભાઈ પટેલ કરેલ છે. ૯૧, શ્યામપાર્ક સોસાયટી, કૃષ્ણનગર, નરોડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ પટેલ જાગૃતિ દિપકકુમાર હતુ તે બદલીને નવું નામ પટેલ દક્ષાબેન દિપકભાઈ રાખેલ છે. ૫૪, હરસિદ્ધપાર્ક સોસાયટી, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

**નામ બદલેલ છે**

મે મારી પુત્રી નું જુનુ નામ હેલી મેહુલકુમાર પ્રજાપતિ થી બદલીને નવુ નામ હેલી મેહુલ પ્રજાપતિ રાખેલ છે. સરનામું : એ-૧૦, ચિત્રકુટ બંગ્લોઝ, વસ્ત્રાલ, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારૂ જુનુ નામ ઝંખનાબેન મેહુલકુમાર પ્રજાપતિ થી બદલીને નવુ નામ ઝંખનાબેન મેહુલ પ્રજાપતિ રાખેલ છે. સરનામું : એ-૧૦, ચિત્રકુટ બંગ્લોઝ, વસ્ત્રાલ, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારૂ જુનુ નામ મેહુલકુમાર કનુભાઈ પ્રજાપતિ થી બદલીને નવુ નામ મેહુલ કનૈયાલાલ પ્રજાપતિ રાખેલ છે. સરનામું : એ-૧૦, ચિત્રકુટ બંગ્લોઝ, વસ્ત્રાલ, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ દિનેશલાલ નટવરલાલ પટેલ હતુ તે બદલીને નવું નામ દિનેશભાઈ નટવરલાલ પટેલ રાખેલ છે. એ-૮૦૧, શ્રીરંગ હાઈટ્સ, ભાઈજીપુરા પાટિયા, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ પટેલ ભાવિકકુમાર દિનેશલાલ હતુ તે બદલીને નવું નામ ભાવિક દિનેશભાઈ પટેલ રાખેલ છે. એ-૮૦૧, શ્રીરંગ હાઈટ્સ, ભાઈજીપુરા પાટિયા, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ પટેલ દિપકકુમાર જેઠાલાલ હતુ તે બદલીને નવું નામ પટેલ દિપકભાઈ જેઠાલાલ રાખેલ છે. ૫૪, હરસિદ્ધપાર્ક સોસાયટી, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

**નામ બદલેલ છે**

જૂનું નામ વસા દામીની રાજેન્દ્ર થી બદલીને શેઠ દામીની કેશવલાલ કરેલ છે. ડી૩, ૧૭૦૩, ધી મીડોઝ, અદાણી શાંતિગ્રામ ટાઉનશીપ, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ પટેલ ચનાદ્રેશકુમાર હીરાલાલ હતુ તે બદલીને નવું નામ પટેલ ચંદ્રેશકુમાર હીરાલાલ રાખેલ છે. મુકામ : નારદીપુર, રામા જગા વાસ, તા.કલોલ, જી.ગાંધીનગર-૩૮૨૭૩૫

**Change Of Name**

I HAVE CHANGED MY OLD NAME NAYAN ASHOKBHAI KADAM TO NEW NAME NAYAN ASHOKKUMAR KADAM ADD: 17-193, NANDANVAN APPT., NIRANYNAGAR, A-BAD-382481

**ગૂજરાત વિદ્યાપીઠ**
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

**100% કરમુક્તિના લાભ સાથેના દાન માટે અપીલ**

વર્ષ 1920માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠને ઈન્કમટેક્ષ 80G(2)(a)(iiif) અંતર્ગત દાન સ્વીકારવામાં માન્યતા આપવામાં આવી છે. સંસ્થાને આપેલ દાનની કુલ રકમ કરપાત્ર આવકમાંથી 100% બાદ મળી શકશે.
વધુ વિગત માટે www.gujaratvidyapith.org જોવા વિનંતી.
તા. ૨૬/૦૩/૨૦૨૪ કા. કુલસચિવ

**ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

CIN:U67100TZ2014PTC020363 કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્કવેર, ૪૭મે માળે, ન.ચિ.કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચૉક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮ rajesh.jumani@omkaraarc.com/zuber.khan@omkaraarc.com | અધિકૃત અધિકારી મોબા. : +૯૧ ૮૬૫૭૯૬૯૨૩૩/+૯૧ ૮૬૫૭૯૬૯૨૩૧

(એપેન્ડિક્સ IV-A)
[(જુઓ નિયમ ૮(૬) સાથે નિયમ ૯(૧) વંચાણે લેતા જોગવાઈ]
સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફૈસી કાયદો)ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેણદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો. વધુમાં ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ(ઓએઆરપીએલ)(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે)એ ૨૫.૦૬.૨૦૨૧ ના એસાઇનમેન્ટથી ઈન્ડસઇન્ડ બેંક લિ. (એસાઈનર બેંક)પાસેથી એસાઈનર બેંક પાસે રહેલ અન્ડરલાઈંગ સિક્યોરિટી સાથે નીચેના ખાતાઓમાં બાકી રહેલ દેવું સંપાદિત કર્યુ છે. એ મુજબ ઓએઆરપીએલએ એસાઈનર બેંકના પેંગડામાં પગ મૂક્યો છે અને બાકી લેણું વસૂલવા અને સિક્યોરિટી જપ્ત કરવાની સત્તા ધરાવે છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો દેણદાર /ગિરવેદાર/ સહ-દેણદાર પાસેથી હસ્તાંતરિત કરાયેલ ફિઝિકલ કબજો લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી અત્રે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોને બાકી દેણું વસૂલવા માટે વેચવા ઈચ્છે છે અને આથી સિક્યોર્ડ મિલકતો ખરીદવા માટે બંધ કવરમાં ટેન્ડર્સ /બીડ્સ મંગાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફૈસી કાયદાના ૧૩ (૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે' અને 'જે કાંઈ છે તે છે તથા કોઈના આશ્રય વિના'ના આધારે સંબંધિત દેણદાર અને સહદેણદાર(રો) પાસેથી ઓએઆરપીએલને સિક્યોર્ડ ક્રેડિટર તરીકે વસૂલ કરવાની ઓએઆરપીએલની સંબંધિત કોલમમાં જણાવેલ રકમ માટે વેચાણ કરવામાં આવશે.

દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારો, સિક્યોરિટીઝ, માલિક, બાકી રકમ, સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ મોકલ્યાની તારીખ, કબજા તારીખ, રિઝર્વ કિંમત, બીડમાં વધારો કરવાની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી), નિરીક્ષણનાં તારીખ અને સમય વગેરે નીચે મુજબ છેઃ

| ક્રમ | દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારોનાં નામ | સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો | મિલકતના માલિક | ૧૫.૧૨.૨૦૨૩ મુજબ બાકી રકમ રૂ. | ડિમાન્ડ નોટિસની તારીખ | કબજાની તારીખ | રિઝર્વ કિંમત (રૂ. લાખમાં) | બીડમાં વધારો કરવાની રકમ | ઈએમડી | નિરીક્ષણનાં તારીખ અને સમય બપોરે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખામકી ફેશન (દેણદાર), શ્રી મેસારિયા માલદેકુમાર (સહ-દેણદાર/ગિરવેદાર) શ્રી હસમુખભાઈ પરમાર (સહ-દેણદાર), શ્રીમતી લીલાબેન એચ. પરમાર (સહ-દેણદાર) (ધિરાણ ખાતા નં. GAS00667N) | મોજે નરોડા, અમદાવાદ ખાતે રેવન્યુ સર્વે નં. ૯૪૬/૪ પર આવેલ, પૃથ્વી બિલ્ડર દ્વારા બંધાયેલ વાલકેશ્વર ફ્લોરા નામની સ્કિમમાં દુકાન નં. ૧૦૯, બ્લોક નં. એ, માપણી ૪૯૩ ચો.ફીટ, સુપર બિલ્ટ અપ એરિયા, પૂર્વેઃ બ્લોક એ દુકાન નં. ૧૦૮, પશ્ચિમે : ૯ મી. પહોળો રોડ, ઉત્તરેઃ બ્લોક બી ફ્લેટ નં. ૧૦૫, દક્ષિણેઃ ૩૦ મી. પહોળો રોડ | શ્રી મેસારિયા માલદેકુમાર | રૂ.૩૦,૬૫,૯૩૬.૦૧ (અંકે રૂપિયા ત્રીસ લાખ પાંસઠ હજાર નવસો છત્રીસ અને પૈસા એક પૂરા) | ૧૪.૧૦.૨૦૨૧ | ૩૦.૦૪.૨૦૨૩ (ફિઝિકલ) | રૂ.૨૪,૩૦,૦૦૦ (અંકે રૂપિયા ચોવીસ લાખ ત્રીસ હજાર પૂરા) | રૂ.૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) | રૂ.૨,૪૩,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ તેંતાલીસ હજાર પૂરા) | ૦૬-૦૪-૨૦૨૪ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૩:૦૦ સુધી |

ખાતા નં.: ૩૪૪૯૦૫૦૦૧૦૮૪, લાભાર્થીનું નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, બેંકનું નામઃ આઈસીઆઈસીઆઈ બેંક, શાખાઃ બાંદ્રા (પૂર્વ) મુંબઈ, આઈએફએસસી કોડઃ ICIC0003449

ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૧૮-૦૪-૨૦૨૪ બપોરે ૧૨:૦૦ થી બપોરે ૦૨:૦૦ | ભાગ લેવા માટે બીડ લેટર/કેવાયસી દસ્તાવેજ/ઈએમડીનો પુરાવો જમા કરાવવાનાં તારીખ અને સમયઃ તા.૧૬-૦૪-૨૦૨૪ ના રોજ ૦૫:૩૦ સાંજના સુધી

હરાજીની શરતો અને નિયમોઃ વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને સિક્યોર્ડ લેણદાર (ઓએઆરપીએલ)ની વેબસાઈટ http://www.omkaraarc.com/auction.php પર અથવા સર્વિસ પ્રોવાઇડરની વેબસાઈટ http://www.bankeauction.com પર આપેલ લિંક જુઓ.

**ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા હેઠળ વેચાણ માટે સ્ટેચ્યુટરી નોટિસ**

આ નોટિસ ઉપરના ધિરાણ ખાતાના દેણદાર(રો) માટે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા અને ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળની ૧૫(પંદર) દિવસથી ઓછી નહીં એવી મેન્ડેટરી નોટિસ પણ છે.

તા. ૨૭-૦૩-૨૦૨૪
સ્થળઃ અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી, ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ
(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પોતાની ક્ષમતા મુજબ)